| | | |
|---|---|---|
| Re-Accredited Grade A by NAAC | SAURASHTRA UNIVERSITY, UNIVERSITY CAMPUS,<br>UNIVERSITY ROAD, RAJKOT - 360 005<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ<br>યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫ | |
| Ph-0281-2578501 | www.saurashtrauniversity.edu | Fax :- 2586983 |

ફાઈનાન્સ સમિતીની એક સભા તા.**૨૨–૧૧–૨૦૧૮** ને **ગુરુવાર** ના રોજ **૧૧:૩૦** કલાકે સૌરાષ્ટ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કાર્યાલય, રાજકોટ ખાતે મળેલ હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલા હતા.

## કાર્યવાહી નોંધ

| ક્રમ | નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| (૧) | ડો.નિલાંબરીબેન દવે | કુલપતિશ્રી | હાજર |
| (૨) | શ્રી નેહલભાઈ શુકલ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૩) | ડો. ભરતભાઈ રામાનુજ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | ડો.ભાવિનભાઈ કોઠારી | સભ્યશ્રી | હાજર |
| (૫) | ડો.પ્રતાપસિંહ ચૌહાણ | સભ્યશ્રી | હાજર |
| (૬) | ડો.વિજયભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |

## કાર્યવાહી નોંધ

૧. તા.૧૨–૦૯–૨૦૧૮ તેમજ તા.૨૮–૦૯–૨૦૧૮ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

( નોંધ : તા. તા.૧૨–૦૯–૨૦૧૮ તેમજ તા.૨૮–૦૯–૨૦૧૮ની ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૨–૦૯–૨૦૧૮ તથા તા.૨૮–૦૯–૨૦૧૮ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ સાથે મંજુર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહિ કરી.**

૨. બાયોસાયન્સ ભવન માં DST - SERB પ્રોજેક્ટ અંતર્ગત બાયોલોજીકલ સેફટી કેબિનેટ નામના સાધન ની Esco Biotech PVT Ltd પાસેથી (n) Procure થી ખરીદી થયેલ છે. ઉપરોક્ત સાધન ની ખરીદી ની મંજૂરી તારીખ ૧૨/૦૨/૨૦૧૮ ના FC ના આઈટમ નંબર. ૧૪ ના ઠરાવ બાદ થયેલ છે તથા સાધનનું ઈન્સ્ટોલેશન

તા.૧૪/૦૬/૨૦૧૮ ના રોજ થયેલ છે. FC ના ઠરાવ માં મંજુર થયેલ રકમ ૭૧૦૦ USD @ ૬૫.૨૮૯૯/- (જેમાં કસ્ટમ ડ્યૂટી અને ટ્રાન્સપોર્ટેશન ચાર્જ સમાયેલ છે) (અંદાજે ૪,૬૩,૬૩૦/- + બેંક ચાર્જ વધારાના છે).

ઉપરોક્ત બાબતે હાલ ના ડોલર ($) ના ભાવ વધી જતા ચુકવવાની થતી રકમ FC દ્વારા મંજુર થયેલ રકમ કરતા વધી જતી હોઈ આ બાબત ની નોંધ તારીખ ૦૭/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ FC ની કામકાજ ની યાદી માં સામેલ કરવામાં આવેલ પરંતુ FC ના તારીખ ૦૭/૦૮/૨૦૧૮ ના આઈટમ નંબર. ૧૭ ના ઠરાવ મુજબ ભૂલથી સાયન્ટિફિક સાધન ની ખરીદી GEM પોર્ટલ મારફતે કરવા નિર્દેશ થયેલ. ઉપરોક્ત સાધન ની ખરીદી FC ના તારીખ ૧૨/૦૨/૨૦૧૮ ના આઈટમ નંબર.૧૪ માં મળેલ મંજૂરી ના આધારે થઇ ગયેલ છે તથા ઈન્સ્ટોલેશન પણ તારીખ ૧૪/૦૬/૨૦૧૮ ના રોજ થઇ ગયેલ છે.

પાર્ટી સાથે ઉપરોક્ત બાબતે ચર્ચા થતા કંપની તરફ થી સ્પેશ્યલ કેશ માં FC દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટ ની મર્યાદા માં USD માં ચુકવણી માટે ડિકલરેશન મળેલ છે. જે આ સાથે સામેલ છે. પાર્ટી તરફ થી મળેલ ડિકલરેશન ના આધારે Esco Biotech PVT Ltd ને ૪,૬૩,૬૩૦/- ની મર્યાદા માં US $ માં ચુકવણી કરવા બાબતે VC શ્રી ના આદેશ મુજબ ચુકવણું થઈ ગયેલ છે. પરંતુ તારીખ 07/08/2018 ની F.Cના ઠરાવ નં. 17 માં ભુલથી GEM Portal માથી ખરીદવાનો ઠરાવ થયેલ હોય તે અંગે માત્ર નોંધ લેવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપયુકત કાર્યને નોંધ લેવામાં આવેલ છે.**

૩. બાયોસાયન્સ ભવનમાં DST-SERB પ્રોજેકટ અંતર્ગત પ્રાયોગિક સાધનોની ખરીદી તારીખ 23/12/2017 તથા 12/02/2018 ના F.C. ના અનુક્રમે આઈટમ નંબર 2 તથા 14 ના ઠરાવ બાદ થયેલ છે.

જે-તે પાર્ટીને ઓર્ડર તારીખ 24/02/2018 ના રોજ થયેલ. પાર્ટી ને Payment સાધન Deliver થયા બાદ કરવાનું થતું હોય તે દરમિયાન ડોલર/યુરો ના ભાવમાં વધારો થતાં વધારાનો ખર્ચ મંજુર કરવા તારીખ 30/06/2018 ના રોજ બાબત F.C.માં રજૂ કરવા Process થયેલ. પરંતુ F.C.ના તારીખ 07/08/2018 ના Item 17 ના ઠરાવમાં ભૂલથી GEM Portal મારફત ખરીદી કરવા ઠરાવ થયેલ. ખરેખર નીચે મુજબના સાધનોની ખરીદી થઈ ગયેલ હોય વધારાનો ખર્ચ મંજુર કરવાનો થાય છે.

**A: Tabletop Micro Refrigerated Centrifuge**

ઉપરોક્ત સાધન બાબતે, FC દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટ **3875 USD @ 65.289** (including custom duty and transportation charges) **(2,52,998.36/- Approx.) + Bank charges** છે.

ઉપરોક્ત Equipment નું **DST દ્વારા Sanction થયેલ Budget 3,34,000/-** છે.

ઉપરોક્ત સાધનની ડોલર ના ભાવ વધી જતાં ચૂકવવાની થતી વધારાની રકમની જોગવાઈ પ્રોજેકટ Equipment Budget માં હોય વધારાના ખર્ચનું ચુકવણું કરવાની તારીખે જે USD હોય તે દરે મંજૂર કરવા વિચારણા અર્થે રજૂ.

**B: UV- Visible Spectrophotometer**

ઉપરોક્ત સાધન બાબતે, FC દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટ **8190 Euro @ 76.826** (including custom duty and transportation charges) **(6,29,204.94/- Approx.) + Bank charges** છે.

હાલમાં યુરો નો ભાવ વધી જવાથી ચુક્વવાની થતી રકમ **6,96,000/- approx@85 Euro** ગણતરીમાં લેતા વધારાના **67,000/- approx** ચૂકવવાના થાય છે.

યુરો નો ભાવ વધુ વધી જવાની સંભાવના હોય, જે-તે સમયે **7,20,000 approx@88 Euro** ગણતરીમાં લેતા વધારાના **91,000/- approx** ચૂકવવાના થઇ શકે.

ચૂકવવાની થતી વધારાની રકમ **DST દ્વારા Sanction થયેલ Equipment ના Budget 6,32,000/-** કરતાં તથા **Over All Equipment Budget (14,30,000/-)** કરતાં વધી જવાની સંભાવના હોય આ અંગે વધારાનો ખર્ચ પ્રોજેકટ/SF Corpus Fund હેઠળ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બાયોસાયન્સ ભવનમાં DST - SERB પ્રોજેકટમાં ખરીદેલ સાધનોમાં ડોલર તથા યુરોનાં ભાવવધારાનાં કારણે થયેલ વધારાનો ખર્ચ સહિત કુલ ખર્ચ જો મંજુર થયેલ ગ્રાન્ટથી વધારે થયા તો તેટલો વધારાનો ખર્ચ Project Overhead Corpus Fund માંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે તા.૨૪–૦૨–૨૦૧૮ની ફાઈનાન્સ સમિતીમાં મંજુર થઈ ગયા બાદ Instrument મોડા Install થવા અંગેની વિગતે ભવન પાસેથી મંગાવવી.**

૪. ફાર્મસીભવનદ્વારા GeMમારફત <u>૨૫૦Plasticchair</u> ની ખરીદી માટે તા. ૨૫.૦૮.૨૦૧૮ ના રોજ ટેકનીકલબિડ કરેલ હતી, જેનો બીડ ન. GEM/2018/B/73545 છે. આ પ્રક્રીયામાં પાર્ટીઓ અનુકમે (૧) Azeem Supply Agency, (૨) M/s Shri Balaji Enterprise, (3) The Empire India Agency, (૪) cstradelink, (૫) Adinath Enterprise, (૬) Khandelwal and

Khandelwal, (૭) Basic Chemical Corporation, (૮) Regal Enterprise, (૯) Shyam Bag Company અને (૧૦) Ageisapread private limited, ભાગ લીધેલ હતો.

**પાર્ટીના ભાવ નિચે મુજબ છે.**

| ક્રમ ન. | પાર્ટી નું નામ | ભાવ પ્રતિ નંગ | ૨૫૦નંગની કુલ કિમંત |
|---|---|---|---|
| ૧ | Adinath Enterprise | ૪૯૫/- | ૧,૨૩,૭૫૦/- |
| ૨ | Shyam Bag Company | ૬૧૮/- | ૧,૫૪,૫૦૦/- |

આવેલ ટેન્ડરોની સરખામણી કરતા, ઉપરોકત પાર્ટીઓ માંથી પાર્ટીઓ અનુક્રમે (૫) Adinath Enterprise[ભાવ પ્રતિ નંગ: ૪૯૫/-, ૨૫૦નંગની કુલ કિમંત: ૧,૨૩,૭૫૦/-]અને(૯)Shyam Bag Company [ભાવ પ્રતિ નંગ: ૬૧૮/-, ૨૫૦ નંગની કુલ કિમંત: ૧,૫૪,૫૦૦/-]ના બધાજ ટેકનિકલ સ્પેસિફિકેશન, ટેન્ડર ની કંડીશન મુજબના હોય, સક્ષમ અધિકારીઓની પૂર્વ મંજુરી લઈ ફાઈનાન્સિયલ બીડ ખોલી ફાઈનાન્સિયલ બીડની સરખામણી

કરતા, પાર્ટી ૫) Adinath Enterprise **કે જે એલ.-૧ પાર્ટી હોય, અને<u>૨૫૦ Plastic Chair</u>ની કિંમત રૂ. ૧,૨૩,૭૫૦+** GST,સહીત મંજુર કરવા ટેકનિકલ કમીટી ભલામણ કરે છે.

આ સાધનનો ખર્ચ ભવનને મળેલ ગુજરાત સરકારશ્રી ની ગ્રાન્ટ ના Laboratory Furniture and Infrastructure up gradation હેડ માંથી મંજુર કરવાની વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી ભવન માટે ૨૫૦ નંગ Plastic Chair રૂા.૪૯૫/– + GST નાં ભાવે L1 પાર્ટી આદિનાથ એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદવા અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૧,૨૩,૭૫૦/– + GST ભવનને ગુજરાત સરકાર ધ્વારા મળેલ ગ્રાન્ટ Furniture & Infrastructure નાં હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૫. ફાર્મસીભવનદ્વારા GeM મારફત <u>૩૫ Low back chair</u> ની ખરીદી માટે તા. ૨૫.૦૮.૨૦૧૮ ના રોજ ટેકનીકલબિડ કરેલ હતી, જેનો બીડ ન. GEM/2018/B/73540 છે. આ પ્રક્રીયામાં પાર્ટીઓ અનુક્રમે (૧) MOR STORAGE PRIVATE LIMITED (૨) ADINATH ENTERPRISE (૩) FURNOO INTERIOR (૪) VJ INTERIOR PRIVATE LIMITED (૫) KINGSFURNISHING AND SAFE COMPANY (૬) KRISHNA K INDUSTRIES (૭)

PARIN FURNITURE LIMITED (૮) ROHIT ENTERPRISES (૯) SHYAM BAG COMPANY અને (૧૦) AGEIS APREAD PRIVATE LIMITED, એભાગ લીધેલ હતો.

ઉપરોક્ત પાર્ટીઓ પૈકી અનુક્રમે **(૧) MOR STORAGE PRIVATE LIMITED**[ભાવ પ્રતિ નંગ: ૭,૯૪૬/-, ૩૫ નંગની કુલ કિમંત: ૨,૭૮,૧૧૦/-] **(૨) ADINATH ENTERPRISE**[ભાવ પ્રતિ નંગ: ૬,૫૦૦/-, ૩૫ નંગની કુલ કિમંત: ૨,૨૭,૫૫૦/-]**(૫) KINGS FURNISHING AND SAFE COMPANY**[ભાવ પ્રતિ નંગ: ૫૧૦૦/-, ૩૫ નંગની કુલ કિમંત: ૧,૭૮,૫૦૦/-] **(૬) KRISHNA K INDUSTRIES**[ભાવ પ્રતિ નંગ: ૮,૫૦૦/-, ૩૫ નંગની કુલ કિમંત: ૨,૯૭,૫૦૦/-]અને **(૭) PARIN FURNITURE LIMITED**[ભાવ પ્રતિ નંગ: ૪,૫૦૦/-, ૩૫ નંગની કુલ કિમંત: ૧,૫૭,૫૦૦/-]ના બધાજ ટેકનિકલ સ્પેસિફિકેશન, ટેન્ડર ની કંડીશન મુજબના હોય, આ પાર્ટીઓની ફાઈનાન્શિઅલ /પ્રાઇસ બીડ ખોલીફાઈનાન્સિયલ બીડની સરખામણી કરતા, પાર્ટી **૭) PARIN FURNITURE LIMITED કે જે એલ.-૧ પાર્ટી હોય, અને૩૫ Low back chair**ની **કિંમત રૂ. ૧,૫૭,૫૦૦+** GST,સહીત મંજુર કરવા ટેકનિકલ કમીટી ભલામણ કરે છે.

આ સાધનનો ખર્ચ ભવનને મળેલ ગુજરાત સરકારશ્રી ની ગ્રાન્ટ ના Laboratory Furniture and Infrastructure up gradationહેડ માંથી મંજુર કરવાની વિચારણા કરવા બાબત.

**પાર્ટીના ભાવ નિચે મુજબ છે.**

| ક્રમ ન. | પાર્ટી નું નામ | ભાવ પ્રતિ નંગ | ૩૫ નંગની કુલ કિમંત |
|---|---|---|---|
| ૧ | MOR STORAGE PRIVATE LIMITED | ૭,૯૪૬/- | ૨,૭૮,૧૧૦/- |
| ૨ | ADINATH ENTERPRISE | ૬,૫૦૦/- | ૨,૨૭,૫૫૦/- |
| ૩ | KINGS FURNISHING AND SAFE COMPANY | ૫૧૦૦/- | ૧,૭૮,૫૦૦/- |
| ૪ | KRISHNA K INDUSTRIES | ૮,૫૦૦/- | ૨,૯૭,૫૦૦/- |
| ૫ | PARIN FURNITURE LIMITED | ૪,૫૦૦/- | ૧,૫૭,૫૦૦/- |

**આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી ભવન માટે ૩૫ નંગ Law Back Chair રૂા. ૪,૫૦૦/– + GST નાં ભાવે L1 પાર્ટી પરીન ફર્નીચર લિમીટેડ પાસેથી ખરીદવી અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૧,૫૭,૫૦૦/– + GST ભવનને ગુજરાત સરકાર ધ્વારા મળેલ ગ્રાન્ટના Furniture & Infrastructure હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૬. ફાર્મસી ભવન દ્વારા GeM મારફત 0૫ Freeze ની ખરીદી માટે તા. ૨૫.0૮.૨૦૧૮ ના રોજ ટેકનીકલ બિડ કરેલ હતી, જેનો બીડ ન. GeM/2018/B/73496 છે. આ પ્રક્રીયામાં પાર્ટીઓ અનુક્રમે (૧) Sai Industrial Alliances Pvt. Ltd. અને (૨) Instant Procurement Service Pvt. Ltd. એ ભાગ લીધેલ હતો.

આવેલ ટેન્ડરોની સરખામણી કરતા, ઉપરોકતબંને પાર્ટીઓ, અનુક્રમે પાર્ટી (૧) Sai Industrial Alliances Pvt. Ltd. [ભાવ પ્રતિ નંગ: ૩૭,૯૪૦/-, 0૫ નંગની કુલ કિમંત: ૧,૮૯,૭૦૦/-] અને (૨) Instant Procurement Service Pvt. Ltd.[ભાવ પ્રતિ નંગ: ૩૮,૯૮૦/-, 0૫ નંગની કુલ કિમંત: ૧,૯૪,૯૦૦/-] ના બધાજ ટેકનિકલ સ્પેસિફિકેશન, ટેન્ડરની કંડીશન મુજબના હોય, સક્ષમ અધિકારીઓની પૂર્વ મંજુરી લઈ ફાઈનાન્સિયલ બીડ ખોલી ફાઈનાન્સિયલ બીડની સરખામણી કરતાપાર્ટી **૧) Sai Industrial Alliances PVT. LTD કે જે એલ.-૧ પાર્ટી હોય, અને 0૫ Freezeની કુલ કિંમત રૂ. ૧,૮૯,૭૦૦+** GST,સહીત મંજુર કરવા ટેકનિકલ કમીટી ભલામણ કરે છે.

આ સાધનનો ખર્ચ ભવનને મળેલ ગુજરાત સરકારશ્રી ની ગ્રાન્ટ ના Laboratory Furniture and Infrastructure up gradation હેડ માંથી મંજુર કરવાની વિચારણા કરવા બાબત.

**પાર્ટીના ભાવ નિચે મુજબ છે.**

| ક્રમ ન. | પાર્ટી નું નામ | ભાવ પ્રતિ નંગ | 0૫ નંગની કુલ કિમંત |
|---|---|---|---|
| ૧ | Sai Industrial Alliances PVT. LTD | ૩૭,૯૪૦/- | ૧,૮૯,૭૦૦/- |
| ૨ | Instant Procurement Services PVT.LTD | ૩૮,૯૮૦/- | ૧,૯૪,૯૦૦/- |

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીની Make in India Policy ના ભાગ રૂપે ભારતમાં મેન્યુફેકચરીંગ કરેલ હોય તેવી સારી પ્રચલીત બ્રાન્ડના ફ્રીઝ ખરીદી કરવા રી–ટેન્ડરીગ કરવું.**

૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના **Exam Section And EPABX Room** ની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને નીચે મુજબની વસ્તુઓને નવી ખરીદ કરી બદલાવવાની જરૂરીયાત હોય દૈનિક વર્તમાનપત્રો દ્વારા ટેન્ડરની જાહેરાત પ્રસિધ્ધ કરી તા.૧૫/૮/૨૦૧૮ થી તા.૨૦/૮/૨૦૧૮ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની વેબસાઇટ www.saurashtrauniversity.edu થી ભાવ મંગાવવામાં આવેલ હતા જેમાં બે પાર્ટી (1) Navkar Enterprise, Rajkot અને (2) Bhatia Power, Rajkot દ્વારા ભાવો મળેલ છે. ભાવો ટુ બીડ પધ્ધતીથી ખોલવામાં આવેલ હતા.

| Sr. No. | Item Description | Qty. | Net Price with Buyback in Rs. | |
|---|---|---|---|---|
| | | | Navkar Enterprise | Bhatia Power |
| 1. | 12V 100AH SMF Type Batteries<br>Buyback with<br>12V 160AH SMF Batteries (25 Nos.)<br>And<br>12V 130AH Tubular Batteries (4 Nos.) | 15 | 24,821/-<br>(Amron Qunta Make) | 35,550/-<br>(Amron Qunta Make) |
| 2. | 12V 100AH SMF Type Batteries<br>Buyback with<br>12V 100AH SMF Batteries (8 Nos.) | 8 | 49,928/-<br>(Amron Qunta Make) | 53,600/-<br>(Amron Qunta Make) |
| 3. | 5 KVA Online UPS | 1 | 37,179/-<br>(UTL Make) | 40,500/-<br>(Alfa Make) |
| | | **Total** | **1,11,928/- (L1)** | **1,29,650/- (L2)** |

ઉપરોક્ત દર્શાવ્યા મુજબની ખરીદી માટે L1 Party Ms Navkar Enterprise, Rajkot ને ઓર્ડર આપવા તથા Exam Section ની ખરીદી (Rs.62,000/-) Exam Computerization અને EPABX Room ની ખરીદી (Rs.49,928/-) Office Automation બજેટ હેડ હેઠળ ખર્ચ પાડવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગ તથા EPABX રૂમ માટે SMF બેટરી તે માટેની L1 પાર્ટી નવકાર એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદવા અને તે અંગેનાં ખર્ચ પૈકી રૂા.૬૨,૦૦૦/– પરીક્ષા વિભાગનાં Furniture & Equipment Repair નાં હેડમાંથી અને રૂા.૪૯,૯૨૮/– ઓફીસનાં Furniture & Equipment Repair નાં હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૮. આંકડાશાસ્ત્ર ભવનમાં M.Sc. સેમેસ્ટર –2 ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ માટે ખુબજ ઉપયોગી એવા SAS (Statistical Analysis System) સોફ્ટવેરનો સમાવેશ થીયરી તેમજ પ્રેક્ટીકલ સાથે કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ SAS સોફ્ટવેર ઉપર કોમ્પ્યુટર લેબોરેટરીમાં પ્રેક્ટીકલ નો અભ્યાસ કરે છે.SAS સોફ્ટવેરની ખરીદી SAS Institute (India) Pvt. Ltd. પાસેથી તા.27/09/2012 ના રોજ વર્ષ 2012-13 થી 2015-16 સુધી કુલ રુ.2500000/-(રૂપિયા પચીસ લાખ પુરા) ની કિંમતનો ચાર વર્ષનાં લાયસન્સ સાથે ખરીદ કરવામાં આવેલ.

લાયસન્સની સમય અવધી પૂરી થતા વર્ષ 2016-17 માટે રુ. 814572/- ના ખર્ચે તેમજ વર્ષ 2017-18 માટે રુ.810188/- ના ખર્ચે રીન્યુ કરવામાં આવેલ છે.

હાલમાં નિર્ધારિત લાયસન્સની સમય અવધી તા. 30/10/2018 ના રોજ પૂર્ણ થાય છે. તે લાયસન્સના રીન્યુ અંગેની જાણ SAS Institute (India) Pvt. Ltd.દ્વારા તા.17/07/2018 ના રોજ કરવામાં આવેલ છે તેમજઆજરોજ રીન્યુ કરવા માટેના ભાવનું ક્વોટેશન મોકલી આપેલ છે.

SAS Institute (India) Pvt. Ltd. ના ક્વોટેશન મુજબ તા. 31/10/2018 થી તા.30/10/2019 સુધીના એક વર્ષ માટેના લાયસન્સ રીન્યુ કરવા માટેનો ટેક્ષ સાથેનો કુલ ખર્ચ રુ.826472/- થાય છે.

સદરહુ સોફ્ટવેરની ખરીદી SAS Institute (India) Pvt. Ltd. પાસેથી કરેલી હોઈ તેમજ રીન્યુ પણ તેમની પાસે જ કરાવવાનું હોઈ, રીન્યુ કરવા માટે ટેન્ડરીંગ ની પ્રક્રિયા કરવાની આવશ્યકતા રેહતી નથી.

SAS અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હોઈ અને વિદ્યાર્થીઓને અતિઉપયોગી હોઈ સદરહુ લાયસન્સ રીન્યુ કરવાની મંજુરી આપવા અને તે અંગે થનાર ખર્ચને Self Finance Corpus Fund માંથી મંજુર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપયુક્ત સોફ્ટવેરનું લાયસન્સ રીન્યુ કરવા અંગેનો ખર્ચ રૂ.826472/- Self Finance Corpus Fund માંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૯. પ્રકાશન વિભાગની તા.૨૩-૦૭-૧૮ની નોંધ પર થયેલ આદેશાનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પરીક્ષા વિભાગ માટે ડિગ્રી સર્ટીફીકેટ પુરા પાડવા રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ હતાં.જેમાં સુર્યા ઓફસેટ એન્ડ સિક્યોરિટી પ્રિન્ટર્સ - અમદાવાદ એમ એક જ પાર્ટી પાસેથી ઓનલાઈન ટેન્ડર ભરી પરત મળેલ હતું.ઉપરોકત પાર્ટીના પ્રાઇઝબીડ ખોલ્યાબાદના ભાવો નીચે મુજબ છે.

| વિગત | પાર્ટીનું નામ | ભાવ(૧૦૦૦ નંગના) | સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ડિગ્રી સર્ટીફિકેટ | સુર્યા ઓફસેટ એન્ડ સિક્યોરિટી પ્રિન્ટર્સ | ૨,૮૫૦/- | ૬૨,૦૦૦/- | ૧,૭૬,૭૦૦/- |
| કુલ રકમ રૂ. | | | | ૧,૭૬,૭૦૦/- |

ઉપરોકત બાબતે વધુમાં જણાવવાનું કે ગત વર્ષના (૨૦૧૭-૧૮)ના વર્ષના ડિગ્રી સર્ટિફિકેટના ભાવો નીચે મુજબ છે

| ગત વર્ષ ૨૦૧૭-૧૮ના શ્રી સુર્યા ઓફસેટ એન્ડ સિક્યોરીટી પ્રિન્ટર્સ ડિગ્રી સર્ટીફીકેટના મંજુર થયેલ ભાવ | | | |
|---|---|---|---|
| વિગત | ભાવ(૧૦૦૦ નંગના) | સંખ્યા | રકમ રૂ. |
| ડિગ્રી સર્ટીફિકેટ | ૩,૦૫૦/- | ૭૦,૦૦૦/- | ૨,૧૩,૫૦૦/- |
| | | કુલ રકમ રૂ. | ૨,૧૩,૫૦૦/- |

ઉપરોક્ત બાબત તથા તે અન્વયે રકમ રૂ.૧,૭૬,૭૦૦/-(અંકે રૂપિયા એક લાખ છોતેર હજાર સાતસો પુરા) "પરીક્ષા છાપકામ ખર્ચ" ખાતે માન.કુલપતિશ્રીએ બહાલીની અપેક્ષાએ મંજૂર કરેલ હોય માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા ભવન માટે ૬૨૦૦૦ નંગ ડિગ્રી સર્ટીફીકેટ ૧૦૦૦ નંગના રૂા.૨૮૫૦/– નાં ભાવે સુર્યા ઓફસેટ એન્ડ સિકયોરિટી પ્રિન્ટર્સ પાસેથી ખરીદવા અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૧,૭૬,૭૦૦/– પરીક્ષા છાપકામ ખર્ચ નાં હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૧૦. **સૌરાષ્ટ્ર** યુનિવર્સિટી કેમ્પસ સ્થિત વિવિધ પ્રકારની સેવા પૂરી પાડતા યુનિટો પાસેથી જી.એસ.ટી. વસુલવા તથા તેની અસર તારીખ નિયત થવા બાબત.

(નોંધ :-

૧. કેમ્પસ ખાતે નીચે મુજબના યુનિટો પાસે થી મેઇન્ટેનન્સ ચાર્જ / ભાડું વસુલવામાં આવે છે

સ્ટુડન્ટ શેલ્ટર વિથ આઈ.ટી.ફેસેલીટીઝ (નવી કેન્ટીન), જૂની કેન્ટીન, અમુલ પાર્લર, ટી- પોસ્ટ, સેવા સંકુલ દુકાન નંબર – ૨, સેવા સંકુલ દુકાન નંબર – 3

૨. ભાડા ની રકમ જે તે સંચાલકશ્રી દ્વારા ચુકવવામાં આવે છે.

3. જે તે પાર્ટી ને ઓર્ડર આપવામાં આવેલ ત્યારે જી.એસ.ટી. અમલ માં ન હોવાથી એગ્રીમેન્ટ માં જી.એસ.ટી. નો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૪. અત્રેની યુનિવર્સિટીનાં હિસાબ વિભાગના તા.૨૪/૦૭/૨૦૧૮નાં પત્ર ક્રમાંક : હિસાબ/૩૬/૨૦૧૮મુજબ અલગ અલગ બિલ્ડીંગ, પ્રીમાઈસીસ, જગ્યા જે ભાડે આપેલ હોય તેની આવક જી.એસ.ટી. સાથે લેવાની રહે છે.

૫. અત્રેની યુનિવર્સિટીનાં હિસાબ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૮નાં પત્ર ક્રમાંક : હિસાબ/મેળવણા/૯૫/૨૦૧૮મુજબ તા.૩૦/૦૫/૨૦૧૮ **થી** જી.એસ.ટી. નો અમલ કરવાનો થાય છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીનાં જી.એસ.ટી. ના ઠરાવનો હિસાબ વિભાગના પરીપત્ર મુજબ તા.૩૦–૦૫–૨૦૧૮થી અમલ કરવો.**

૧૧. Center of Excellence ને ચાલુ રાખવા અંગે ફાયનાન્સનો ઠરાવ નં.-14 તા.-7/8/2018 મુજબ એક કમિટીની રચના કરવામાં આવેલ અને તા. 15/10/2018 ના રોજ કમિટીની મિટીંગ મળેલ, જેમાં ઠરાવ-1 માં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. **(આથી ઠરાવવામાં આવે છે કે તા. 3/10/2018 ની નોંધ મુજબ ફરજ બજાવેલ કર્મચારીઓનો ત્રણ માસનો પગાર અગાઉના ઓર્ડર મુજબ સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.)** તે મુજબ સેન્ટર ઓફ એકસીલન્સમાં ફરજ બજાવેલ કર્મચારીઓનો ત્રણ મહિનાનો (જુલાઇ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર-2018) નો પગાર અગાઉના ઓર્ડર મુજબ Center of Excellence ની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવામાં આવેલ છે, તે ધ્યાને લઈ પગાર ચુકવવાની મંજુરી આપવાના માનનીય, કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

વધુમાં ઠરાવ-2 માં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. **(આથી ઠરાવવામાં આવે છે કે સામેલ લીસ્ટ મુજબના જરૂરી ખર્ચાઓને સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.)** તે મુજબ આ સાથે સામેલ લીસ્ટ પશિશિષ્ટ–૧)મુજબના જરૂરી ખર્ચાઓને સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવા બાબત.

બિડાણ:- તા.-15/10/18 કાર્યવાહી નોંધ. પશિશિષ્ટ–૨ તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ઓફ એકસીલન્સમાં ફરજ બજાવેલ કર્મચારીઓનો ત્રણ મહિનાનો (જુલાઈ,ઓગષ્ટ અને સપ્ટેમ્બર–૨૦૧૮)નો પગાર ચુકવવા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી તથા સામેલ પરિશિષ્ટ–૧ મુજબનો રૂા.૭,૫૯,૪૮૨/– ખર્ચ સેન્ટર ઓફ એકસીલન્સની આવકમાંથી ચુકવણી કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૧૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા આગામી તા.૦૮/૧૨/૨૦૧૮ નાં રોજ યોજાનાર પદવીદાન સમાંરભમાં જુદી જુદી પરીક્ષાઓમાં હાયર ગુણાકમાં ઉતીર્ણ થયેલ વિધાર્થીઓને ગોલ્ડમેડલ આપવાનાં થતાં હોવાથી ગોલ્ડમેડલ બનાવી આપવા માટે E-Tender Notice માહિતી ખાતા ધ્વારા "દિવ્ય ભાસ્કર" સવારના દૈનિક પત્રમાં તા.૨૫/૦૯/૨૦૧૮ના રોજ જાહેરાત આપવામાં આવેલ હતી.

પાર્ટીઓ ધ્વારા ઓનલાન ટેન્ડર ભરવા માટેની અંતિમ તા.૦૮/૧૦/૨૦૧૮ તથા ટેકનીકલ બીડ યુનિવર્સિટી કાર્યાલય પહોચંતા કરવાની અંતિમ તા.૦૯/૧૦/૨૦૧૮ રાખવામાં આવેલ હતી. નીચે મુજબની પાર્ટીઓનાં ટેકનીકલ બીડ નીયત કરેલ સમય મર્યાદામાં આવેલ છે. તા.૨૪/૧૦/૨૦૧૮ નાં રોજ સમય

૦૫:૦૦ કલાકે કોમ્પ્યુટર સેન્ટરમાં ગોલ્ડમેડલ બનાવી આપનાર પાર્ટીઓના ટેકનીકલ બીડ ત્રણ સક્ષમ અધિકારીઓશ્રીની હાજરીમાં ખોલવામાં આવેલ છે.

(૧) પી.પી.કંસારા,રાજકોટ (૨) ભાવિક જવેલર્સ, રાજકોટ

તા.૦૧/૧૧/૨૦૧૮ નાં રોજ સમય ૦૪:૦૦ કલાકે કોમ્પ્યુટર સેન્ટરમાં યુનિવર્સિટી ઘ્વારા લેવામાં આવેલ વિવિધ પરીક્ષામાં હાયર રેન્કમાં ઉતીર્ણ થયેલ વિધાર્થીઓ માટે કુલ ૭૧ ગોલ્ડમેડલ બનાવી આપનાર પાર્ટીઓના ફાયનાન્સીયલ બીડ ત્રણ સક્ષમ અધિકારીઓશ્રીની હાજરીમાં ખોલવામાં આવેલ છે, ભાવો ખોલ્યા બાદનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

| Sr. No. | Gold Medal | Unit | Qty | Bhavik Jewellers | P.P. Kansara | University Requirement |
|---|---|---|---|---|---|---|
| 1 | 18 Gram Pure Silver Gold Platted | 1 | 1 No. | **1849/-** | **1849/-** | ---- |
| 2 | 22 Gram Pure Silver Gold Platted | 1 | 1 No. | **2249/-** | 2349/- | ---- |
| 3 | 25 Gram Pure Silver Gold Platted | 1 | 1 No. | **2549/-** | 2649/- | 3 |
| 4 | 09 carat 9 gram Gold Medal Gold Platted | 1 | 1 No. | **12649/-** | 13345/- | ---- |
| 5 | 09 carat 7 gram Gold Medal Gold Platted | 1 | 1 No. | **10249/-** | 11249/- | ---- |
| 6 | 09 carat 5 gram Gold Medal Gold Platted | 1 | 1 No. | **8249/-** | 8599/- | ---- |
| 7 | 18 Gram Pure Silver Gold Gileted | 1 | 1 No. | **1699/-** | 1718/- | 17 |
| 8 | 22 Gram Pure Silver Gold Gileted | 1 | 1 No. | **2099/-** | 2195/- | 2 |
| 9 | 25 Gram Pure Silver Gold Gileted | 1 | 1 No. | **2399/-** | 2425/- | 9 |
| 10 | 09 carat 9 gram Gold Medal Gileted | 1 | 1 No. | 12499/- | **12495/-** | 28 |
| 11 | 09 carat 7 gram Gold Medal Gileted | 1 | 1 No. | 10099/- | **9889/-** | 8 |
| 12 | 09 carat 5 gram Gold Medal Gileted | 1 | 1 No. | 8099/- | **7795/-** | 4 |

ઉપરોક વિગતે ભાવિક જવેલર્સ, રાજકોટ પાર્ટીના ભાવ ૧ થી ૯ માં ગોલ્ડમેડલમાં ભાવો નીચા આવેલ હોય તે મુજબ કુલ–૩૧ નંગ ગોલ્ડમેડલ બનાવવાનો ઓર્ડર આપીએ તથા તેનો કુલ ખર્ચ રૂા.૬૨,૩૧૯/–ખર્ચ થાય તેમ છે તથા પી.પી.કંસારા, રાજકોટ પાર્ટીના ભાવ ૧ તથા ૧૦ થી ૧૨ માં ગોલ્ડમેડલમાં ભાવો નીચા આવેલ હોય તે મુજબ કુલ–૪૦ નંગ ગોલ્ડમેડલ બનાવવાનો ઓર્ડર આપીએ તથા તેનો કુલ ખર્ચ રૂા.૪,૬૦,૧૫૨/–ખર્ચ થાય તેમ છે.

ઉપરોકત કુલ ખર્ચ રૂા.૫,૨૨,૪૭૧/– "દાતાશ્રીઓનાં દાનનાં વ્યાજની આવક સામે તથા ઘટતી રકમ Endowment Fund's Uni. Dev. Fund" ખાતે ફાળવવાનો રહેશે તથા ઉપરોકત ખર્ચ ફાયનાન્સ સમિતીની બહાલીની અપેક્ષાએ મંજુર કરીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે પંદવીદાન સંમારભમાં વિધાર્થીઓને આપવાના થતા ગોલ્ડ મેડલમાં ભાવિક જવેલર્સ, રાજકોટ પાર્ટીના ભાવ ૧ થી ૯ માં ગોલ્ડમેડલમાં ભાવો નીચા આવેલ હોય તે મુજબ કુલ–૩૧ નંગ ગોલ્ડમેડલ ખરીદવા અને તેનો કુલ ખર્ચ રૂા.૬૨,૩૧૯/–ખર્ચ તથા પી.પી.કંસારા, રાજકોટ પાર્ટીના ભાવ ૧ તથા ૧૦ થી ૧૨ માં ગોલ્ડમેડલમાં ભાવો નીચા આવેલ હોય તે મુજબ કુલ–૪૦ નંગ ગોલ્ડમેડલ ખરીદવા અને તેનો કુલ ખર્ચ રૂા.૪,૬૦,૧૫૨/–ખર્ચ એમ કુલ ખર્ચ રૂા.૫,૨૨,૪૭૧/– "દાતાશ્રીઓનાં દાનનાં વ્યાજની આવક સામે તથા ઘટતી રકમ** Endowment Fund **ના** Uni. Dev. Fund" **હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**ત્યારબાદ અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી.**

૧૩. સવિનય જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલ જુદી જુદી હોસ્ટેલ માટે ગાદલાની જરૂરીયાત માટે માંગણી કરવામા આવેલ હતી.જેના અનુસંધાને જનરલ સ્ટોર વિભાગ દ્રારા ખરીદી કરવા માટેની બે વખત ટેન્ડરની પ્રક્રિયાથી કાર્યવાહિ કરવામા આવેલ હતી.જેમાં કોઈપણ સ્ટાર્ન્ડડ કંપની દ્રારા ટેન્ડર ભરવામાં આવેલ ન હતા.તથા GEM માં ખરીદી કરવા માટેની પ્રક્રિયા કરવામાં આવતા માપ સાઈઝ મુજબના ગાદલા ન હોવાથી સ્ટાર્ન્ડડ સ્લીપવેલ કંપની પાસેથી ગાદલાની માપ સાઈઝ મુજબના ભાવનું કોટેશન મંગાવવામા આવેલ હતું.જે આ સાથે સામેલ છે.જે નીચે મુજબ છે.

| નં. | હોસ્ટેલનું નામ | સંખ્યા | માપ સાઈઝ | ભાવ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| 1 | નર્મદા હોસ્ટેલ | 60 | 1829*762*115MM | 3500/- | 2,10,000/- |
| 2 | ઓસમ હોસ્ટેલ | 44 | 1829*762*115MM | 3500/- | 1,54,000/- |
| 3 | અર્ન વ્હાઈલ લર્ન | 90 | 1829*762*115MM | 3500/- | 3,15,000/- |
| 4 | એન.આર.આઈ | 36 | 1829*762*115MM | 3500/- | 1,26,000/- |
| 5 | શેત્રુંજય હોસ્ટેલ | 48 | 1829*838*115MM | 3865/- | 1,85,520/- |
| 6 | ગીરનાર હોસ્ટેલ | 96 | 1829*838*115MM | 3865/- | 3,71,040/- |
| 7 | યમુના હોસ્ટેલ | 52 | 1829*914*115MM | 4000/- | 2,08,000/- |
| | કુલ ગાદલા | **426** | | કુલ ખર્ચ | **15,69,560/-** |

ઉપર્યુકત વિગતે, જુદી જુદી હોસ્ટેલ માટે ગાદલાની જરૂરીયાત મુજબ કુલ ૪૨૬ નંગ ગાદલાની ખરીદી કરવા માટે સ્લીપવેલ કંપનીને ઓર્ડર આપવાનો થાય છે. જેનો કુલ ખર્ચ રૂા.૧૫,૬૯,૫૬૦/– રુસા ગ્રાન્ટમાથી મંજૂર કરી ફાયનાન્સ સમિતિમાં રજુ કરવા અંગે આદશાર્થે.

**આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી હોસ્ટેલ માટે કુલ ૪૨૬ નંગ જુદી–જુદી સાઈઝના ગાદલા સ્ટાર્ન્ડડ આઈટમ તરીકે સ્લીપવેલ કંપની પાસેથી ખરીદ કરવા અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૧૫,૬૯,૫૬૦/– રુસા ગ્રાન્ટનાં Renovation of Hostels હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૧૪. સવિનય જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રહેલ જુની લખાયેલ ઉત્તરવહી તથા જુદા જુદા વિભાગ/ભવનમાં રહેલ જુનું ઓફિસ રેકર્ડ વગેરે ઉપાડવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત નમુનાના પત્રકમાં nProcure ધ્વારા Online Re-Tender મંગાવવામાં આવેલ છે.જેની ટેકનીકલ બીડ અંતિમ તા.૧૪/૧૧/૨૦૧૮ હતી. જેમા કુલ–૦૬ પાર્ટીઓએ ટેકનીકલ બીડના કવર મોકલેલ છે.પરંતુ ઓનલાઈન ટેન્ડર ફકત ત્રણ પાર્ટીઓએ જ ભરેલ હતા. તે પાર્ટીઓના નામ નીચે મુજબ છે.

(૧)ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨)આઈ.એમ.વાલાણી,રાજકોટ (૩)સ્ટાર વેસ્ટ પેપર માર્ટ, રાજકોટ

અધિકારીશ્રીઓની હાજરીમાં ટેકનીકલ બીડ તા.૧૬/૧૧/૨૦૧૮ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામા આવેલ હતા.ઉપરોકત દર્શાવેલ ત્રણ પાર્ટીમાથી (૧)ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨) આઈ.એમ.વાલાણી,રાજકોટ પાર્ટીના તમામ દસ્તાવેજ પૂર્ણ છે. સ્ટાર વેસ્ટ પેપર માર્ટ, રાજકોટના દસ્તાવેજ પૂર્ણ ન હોવાથી તે પાર્ટીને ડિસકવોલીફાઈડ ગણવામાં આવે છે.જે બે પાર્ટીઓના દસ્તાવેજ પૂર્ણ છે (૧)ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨) આઈ.એમ.વાલાણી,રાજકોટના ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે જનરલ સ્ટોર્સ વિભાગની તા.૧૬/૧૧/૨૦૧૮ ની નોંધમાં આદેશ આપવામાં આવેલ હતો.

(૧) ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨) આઈ.એમ.વાલાણી,રાજકોટ

ઉપરોકત દર્શાવેલ પાર્ટીઓના ફાઈનાન્સીયલ બીડ ફાયનાન્સ કમિટીના મેમ્બરશ્રીઓની તથા ત્રણ સક્ષમ અધિકારીશ્રીઓની હાજરીમાં તા.૨૦/૧૧/૨૦૧૮ ના રોજ ૦૪:૦૦ કલાકે ખોલવામાં આવેલ હતા તથા ભાવો ખોલ્યા બાદના ભાવોનું કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

| ક્રમ નં. | વિગત | યુનિટ | ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ | આઈ.એમ. વાલાણી |
|---|---|---|---|---|
| ૧ | જુની લખાયેલ ઉત્તરવહી | ૧ કિલો | ૧૧.૬૧/– | ૭.૩૬/– |
| ૨ | જુનું ઓફિસ રેકર્ડ | ૧ કિલો | ૦૯.૭૧/– | ૭.૪૬/– |

ઉપરોકત બાબતે વધુમાં જણાવવાનું કે ગત વર્ષના (૨૦૧૭–૧૮)ના ભાવો નીચે મુજબ છે.

ઉપરોકત બાબતે વધુમાં જણાવવાનું કે ગત વર્ષના (૨૦૧૭-૧૮)ના વર્ષના ભાવો નીચે મુજબ છે

| ક્રમ નં. | વિગત | યુનિટ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | જુની લખાયેલ ઉત્તરવહી | ૧ કિલો | ૧૪.૪૧/– |
| ૨ | જુનું ઓફિસ રેકર્ડ | ૧ કિલો | ૧૨.૨૧/– |

ઉપર્યુકત વિગતે **ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ**,પાર્ટીના ભાવ જુની લખાયેલ ઉત્તરવહીમાં તથા જુનું ઓફિસ રેકર્ડમાં જેના ભાવ હાઈએસ્ટ હોય તેની સાથે એક વર્ષનો રેઈટ કોન્ટ્રાકટ કરવા ફાયનાન્સ સમિતિમાં રજુ કરવા અંગે આદશાર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે જુની લખાયેલ ઉતરવહી માટે ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સના ૧ કિલોના ભાવ રૂા. ૧૧.૬૧ તથા જુનું ઓફીસ રેકર્ડ ૧ કિલોના ભાવ રૂા. ૯.૭૧/– મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.

૧૫. સવિનય જણાવવાનું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરિક્ષા વિભાગ દ્વારા મધ્યસ્થમૂલ્યાંકન ના કામકાજ માં ઉત્તરવહી ગોઠવવા માટે લોખંડ ના ઘોડા ની ખરીદી કરવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત નમુનાના પત્રકમાં nProcure ધ્વારા Online E-Tender મંગાવવામાં આવેલ છે.જેની ટેકનીકલ બીડ ખોલવાની અંતિમ તા.૦૨/૧૧/૨૦૧૮ હતી. જેમા કુલ–૦૩ પાર્ટીઓએ ટેકનીકલ બીડના કવર મોકલેલ છે. ઓનલાઈન ટેન્ડર પણ ત્રણ પાર્ટીઓએ જ ભરેલ હતા. તે પાર્ટીઓના નામ નીચે મુજબ છે.

(૧) મેથોડેક્ષ પ્રા.લી-અમદાવાદ (૨) મોદી કોર્પો.,રાજકોટ, (૩) પરીન ફર્નીચર ,રાજકોટ

અધિકારીશ્રીઓની હાજરીમા ટેકનીકલ બીડ તા.૧૬/૧૧/૨૦૧૮ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામા આવેલ હતા. ઉપરોકત દર્શાવેલ તમામ પાર્ટીના તમામ દસ્તાવેજ પૂર્ણ છે.ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે જનરલ સ્ટોર્સ વિભાગની તા. ૨૦/૧૧/૨૦૧૮ની નોંધમાં આદેશ આપવામાં આવેલ હતો.

(૧) મેથોડેક્ષ પ્રા.લી-અમદાવાદ (૨) મોદી કોર્પો.,રાજકોટ, (૩) પરીન ફર્નીચર ,રાજકોટ

ઉપરોકત દર્શાવેલ પાર્ટીઓના ફાઈનાન્સીયલ બીડ ફાયનાન્સ કમિટીના મેમ્બરશ્રીઓની તથા ત્રણ સક્ષમ

અધિકારીશ્રીઓની હાજરીમાં તા.૨૦/૧૧/૨૦૧૮ ના રોજ ૦૪:૦૦ કલાકે ખોલવામાં આવેલ હતા તથા ભાવો ખોલ્યા બાદના ભાવોનું કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

| ક્રમ નં. | પાર્ટીનું નામ | ઘોડાના ભાવ | ૩૦૦ નંગ ઘોડાનોખર્ચ |
|---|---|---|---|
| ૧ | મેથોડેક્ષ | ૬૬૦૮/– | રૂા.૧૯,૮૨,૪૦૦/– |
| ૨ | મોદી કોર્પોરેશન | <u>૩૧૪૯/– **L1**</u> | રૂા.૯,૪૪,૭૦૦/– |
| ૩ | પરીન ફર્નિચર | ૪૫૭૫/– | રૂા.૧૩,૭૨,૫૦૦/– |
| | **કુલ ખર્ચ** | | **રૂા.૯,૪૪,૭૦૦/–** |

ઉપર્યુકત વિગતે **<u>મોદી કોર્પોરેશન</u>** પાર્ટીના ભાવ લોખંડના ઘોડાની ખરીદી કરવા માટે જેના ભાવ નીચા આવેલ હોય તેને એકવાર ઓર્ડર આપવા તથા કુલ ખર્ચ <u>રૂા.૯,૪૪,૭૦૦/–</u> મંજૂર કરવા ફાયનાન્સ સમિતિમાં રજુ કરવા અંગે આદશાર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગ માટે ૩૦૦ નંગ લોખંડના ધોડા ખરીદવા માટે રૂા.૩૧૪૯/– નો મોદી કોર્પોરેશનનો ભાવ મંજુર કરવા અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૯,૪૪,૭૦૦/– પરીક્ષા ફર્નીચર એન્ડ ઈકવિકટમેન્ટના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત વિગતે ખરીદી કરતા પહેલા ભવન કે વિભાગમાં વધારાના લોખડનાં ઘોડા હોય તો તેની તપાસ કરવી અને ત્યારબાદ જરૂરિયાત મુજબની ખરીદી કરવી.

ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીનો આભાર માની સભાની કાર્યવાહી પુર્ણ જાહેર કરવામાં આવી.

૨૬/૧૧/૧૮

**કુલસચિવ**

૨૬/૧૧/૧૮

**નં.એકા / ફા.સ./૨૦/૨૦૧૮**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય**
**યુનિવર્સિટી કેમ્પસ**
**યુનિવર્સિટી રોડ**
**રાજકોટ, તા.૨૬–૧૧– ૨૦૧૮**
**પ્રતિ, ફાઈનાન્સ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ**

**<u>નકલ સાદર રવાના :-</u>**

**(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી**
**(૨) કાર્યાલયના દરેક વિભાગના વડાઓ તરફ**
**(૩) યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રી તરફ**

(Annexture-1)

પરિશિષ્ટ-1

| Center of Excellence | | |
|---|---|---|
| Sr. | Party Name | Amount |
| 1 | Salary | 470,752.00 |
| 2 | Smart Traders | 9,263.00 |
| 3 | J.J.Meditron | 1,700.00 |
| 4 | Amita Jivani | 1,675.00 |
| 5 | Viraj Enterprise (Courier Bill) | 1,142.00 |
| 6 | Softrack Computer Consultancy | 5,000.00 |
| 7 | Helium Gas | 225,000.00 |
| 8 | Neelam Micro Electronics | 15,045.00 |
| 9 | M.J.Bhadesiya | 19,905.00 |
| 10 | Petty Cash | 10,000.00 |
| | **Total** | **759,482.00** |

પરિશિષ્ટ-૨

Center of Excellence (CoE) in Drug Discovery
NFDD Complex, Department of Chemistry,
Saurashtra University, Rajkot – 360 005
(Funded by Industries Commissionerate, Govt. of Gujarat)

**CoE/2018/MoM/030**
**Date: 16/10/2018**

સેન્ટર ઓફ એક્સીલન્સ, સમિતિની મીટીંગ તા. ૧૫/૧૦/૨૦૧૮ ને સોમવારના રોજ બપોરે 03:30 કલાકે સેન્ટર ઓફ એક્સીલન્સ ખાતે રાખવામાં આવેલ હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

:: કાર્યવાહી નોંધ ::

| ક્રમ | નામ | હોદો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડો. મેહુલભાઈ રૂપાણી | ચેરમેન | હાજર |
| ૨ | પ્રો. આલોક ચક્રવાલ | સભ્યશ્રી | હાજર |
| ૩ | પ્રો. એચ. એસ. જોશી | સભ્યશ્રી | હાજર |
| ૪ | પ્રો. મિહિર રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૫ | ડો. વી. બી. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૬ | ડો. જીજ્ઞેશ અકબરી | સભ્યશ્રી | હાજર |

(૧) તા. ૩/૧૦/૨૦૧૮ ની નોધ મુજબ સેન્ટર ઓફ એક્સીલેન્સમાં ફરજ બજાવેલ કર્મચારીઓનો ત્રણ માસનો (જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર) પગાર સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવા બાબત.(નોંધ :- તા. ૩/૧૦/૦૧૮ ની નોંધ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩/૧૦/૨૦૧૮ ની નોંધ મુજબ ફરજ બજાવેલ કર્મચારીઓનો ત્રણ માસનો પગાર અગાઉના ઓર્ડર મુજબ સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.

(૨) જુન માસ બાદ અત્યાર સુધીના જરૂરી કરવામાં આવેલ ખર્ચાઓનું લીસ્ટ આ સાથે સામેલ છે તેને સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી મંજુર કરી ચુકવવા બાબત. (Annexture-1)

આથી ઠરાવવામાં આવે છે કે લીસ્ટ મુજબના જરૂરી ખર્ચાઓને સેન્ટર ઓફ એક્સીલેન્સની આવકમાંથી ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.

સેન્ટર ઓફ એક્સીલેન્સને ચાલુ રાખવા અને પ્રગતિશીલ સેન્ટર બનાવવા માટેની વિચારણા માટે આગામી મીટીંગ તા. ૧૮/૧૦/૨૦૧૮ ના રોજ ૩:૩૦ કલાકે રાખેલ છે.

ત્યારબાદ અધ્યક્ષશ્રીનો આભાર માની સભાની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

Prof. H. S. Joshi
Prof. & Head
Department of Chemistry
Saurashtra University
Rajkot

પ્રતિ, ચેરમેનશ્રી, સેન્ટર ઓફ એક્સીલેન્સ, સમિતિ

પ્રતિ, સમિતિના સભ્યશ્રીઓ

નકલ રવાના:

૧. માનનીય કુલપતિશ્રીના અંગત સચિવ
૨. માનનીય કુલસચિવશ્રીના અંગત સચિવ
૩. ચીફ એકાઉન્ટ ઓફિસરશ્રી
૪. ચીફ ઓડીટરશ્રી